# કોરોના ઈફેક્ટ : હિંમતનગર એસ. ટી. ડેપો દ્વારા ૬૦૦ ટ્રીપ બંધ કરાઈ

હિંમતનગર, તા.૧૮

કોરાના વાયરસને પગલે સમગ્ર વહીવટી તંત્ર દ્વારા અગમચેતી રખાઈ રહી છે ત્યારે હિંમતનગર વિભાગીય એસ.ટી. કચેરીના તાબામાં આવતા નવ ડેપો દ્વારા વિદ્યાર્થી પાસ માટે દોડાવાતા અંદાજે ૬૦૦ શટલ બસોને સોમવારથી મોકુફ કરી દેવામાં આવ્યા છે. જો કે તેના કારણે એસ.ટી.ની આવકમાં કોઈ ઘટાડો ન નોંધાયો હોવાનો દાવો કરાયો છે.

આ અંગે એસ. ટી. નિગમ હિંમતનગર વિભાગીય કચેરીના કંટ્રોલ ગોસ્વામીના જણાવ્યું મુજબ હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, વડાલી, ભિલોડા, મોડાસા, ખેડબ્રહ્મા, વિજાપુર, બાયડ તથા માણસા ડેપો દ્વારા રોજબરોજ શાળા કોલેજોમાં ભણતા



વિદ્યાર્થીઓ માટે કન્સેશન પાસ માસિક અથવા ત્રિમાસિક કાઢી આપવાની નિગમમાં જોગવાઈ હોવાને કારણે રોજબરોજ સવારે અને સાંજે વિદ્યાર્થીઓ માટે ગામડામાંથી શહેરમાં આવવા માટે શટલ બસ દોડાવવામાં આવે છે જે મુજબ હિંમતનગર વિભાગના તમામ ડેપો દ્વારા દરરોજ ટ્રીપો ચલાવાય છે.

પરંતુ કોરોના વાયરસને પગલે શાળા - કોલેજો તા. ૩૧ માર્ચ સુધી બંધ હોવાને કારણે વિદ્યાર્થીઓ માટે દોડાવાતી આ શટલ બસો નિગમનો નવો આદેશ ન થાય ત્યાં સુધી બંધ રખાઈ છે. જો કે તેના કારણે એસ.ટી.ની આવકામાં કોઈ ઘટાડો નોંધાયો નથી કારણ કે પાસધારક પાસેથી એડવાન્સમાં ભાડુ લઈ લેવામાં આવે છે જેથી નિગમને કોઈ નુકસાન નથી. દરમિયાન એસ.ટી. નિગમના હિંમતનગર વિભાગના તાબામાં આવતા ડેપો દ્વારા દરરોજ ૫૭૫થી વધુની સંચાલન કરાઈ રહ્યું છે.

## ડીસામાંથી ચોરીના ગુનાનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

ડીસા શહેર ઉત્તર પો.સ્ટે વિસ્તારમાં નાસતા ફરતા તથા પેરોલ ફર્લો ફરારી આરોપીઓની તપાસમાં હતા દરમ્યાન હે.કો. કુલદીસિંહને મળેલ બાતમી હકીકત આધારે ડીસા શહેર ઉત્તર પો.સ્ટે ફ.ગુ.ર.ન.૬૩/૧૯ ઈ.પી.કો ક.૪૫૭,૩૮૦ વી. મુજબના ગુના ના કામે નાસતા ફરતા આરોપી પ્રકાશકુમાર અમરતલાલ રાવળ (રહે. ડીસા તેરમી નાળા તા. ડીસા) ને ડીસા ફુવારા સર્કલ મુકામે પકડી પાડી આગળની કાર્યવાહી માટે ડીસા ઉત્તર પોલીસને સોંપવામાં આવેલ છે.



પ્રાંતિજના ચંચળબાનગર પાસેથી એકટીવાની ડેકીમાંથી આઠ કિલો ચરસ સાથે એસઓજીએ નવરંગ મિસ્ત્રીને ઝડપી લીધા બાદ ગુરુવારે સાંજે પ્રાંતિજ કોર્ટમાં આરોપી નવરંગ મિસ્ત્રીને રજુ કરી ચૌદ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેની સામે પ્રાંતિજ કોર્ટે ૨૪ માર્ચ સુધીના સાત દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

## વક્તાપુર પાસેના સાઈમંદિરે ભંડારો નહિ થાય

કોરાના વાયરસના પગલે જિલ્લા કલેક્ટરે પ્રજાના હિતમાં કરેલા જાહેરનામાનો અમલ કરી દર ગુરૂવારે હિંમતનગર - ઈડર રોડ પર આવેલા સાઈ મંદિરમાં ભંડારો કરાય છે. પરંતુ જાહેરનામાનો ભંગ ન થાય તે આશયથી આ ભંડારો થશે નહિ તેજ પ્રમાણે વક્તાપુર ગ્રામ પંચાયત દ્વારા પણ તમામ દુકાનદારોને નોટીસ આપી ઠંડીપીણા અને દૂધની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જો કોઈ દુકાનદાર ભંગ કરશે તો તેની વિરૂદ્ધ પંચાયત દ્વારા રૂ. ૫ હજારનો દંડ કરાશે અને પોલીસ કાર્યવાહી પણ થશે.

## હિંમતનગરમાં અમૃતપેય ઉકાળાનું મફત વિચરણ કરાશે

હિંમતનગર, તા.૧૮

કોરોના વાયરસને પગલે તેનાથી બચવા માટે બનાસકાંઠા જિલ્લા ભાજપ અને જિલ્લા આયુર્વેદિક વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧મી માર્ચના રોજ હિંમતનગરના મહાવીરનગર ચાર રસ્તા ખાતે સવારે ૮ થી ૧૧ દરમિયાન વાયરસ પ્રતિરોધક ઉકાળા તથા હોમિયોપેથિક પ્રિવેન્ટીવ ડોઝનું વિનામૂલ્યે વિતરણ કરાશે.

# ખેડબ્રહ્મા વોર્ડ નં. ૩ વાસના રોડની મહિલાઓ પાણી બાબતે રણચંડી બની

### ગટરનું પાણી પીવા નાગરિકો મજબુર બન્યા નઘરોળ તંત્રને રજુઆત કરવા છતાં કાંઈ ફેર પડતો નથી

ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ પર વોર્ડ નંબર ત્રણ મા આવેલ રામેશ્વર નગર તલાવડી વિસ્તારમાં ગંદા પાણીની બોટલો અને ડોલો ભરી ખેડબ્રહ્મા નગરપાલિકામાં પહોચી હતી. પીવાનું દૂષિત જ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવાં આવ્યો છે. મહિલાઓએ પાલિકાના તંત્ર સામે



છેલ્લા એક માસથી રોડ બન્યા પછી પીવાના પાણી દુષિત આવતું હોવાથી રહીશો ધ્વારા નગરપાલિકામાં વારંવાર રજૂઆત કરી હતી પરંતુ નગરપાલિકા ધ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ના હતી., બુધવારે તલાવડી વિસ્તારની મોટી સંખ્યામાં મહિલાઓ પુરુષો આગેવાનીમાં પાણીની સમસ્યાને લઈ મહિલાઓએ પાલિકાનો ઘેરાવ કર્યો હતો.

મહિલાઓએ આક્રોશ સાથે જણાવ્યુ હતું કે કલેકટર થી માંડી ને નગરપાલિકાના સદસ્યો અને કર્મચારીઓને અનેક વાર રજૂઆત કરવામાં આવી છે પંરતુ કામ થઈ જસે જેવા ખાલી વાતો ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. અને તાત્કાલિક જાવાબદાર અધિકારીને ઘટના સ્થળે આવી સમસ્યાનો નિકાલ કરે નહિતર આવનાર સમયમાં ઉગ્ર અંદાઓલન કરવાની અને ગાંધી ચિંધ્યા માર્ગે આગળ આંદોલન કરવામાં આવસે તેવી ચીમકી ઊચ્ચરી હતી.

### શામળાજી પોલીસ સ્ટેટ વિજિલન્સના દરોડા પછી સતર્ક બની

# ટ્રકમાંથી ૭.૨૯ લાખના દારૂ સાથે ડ્રાઈવરને દબોચ્યો

સ્ટેટ વિજિલન્સની ટીમે શામળાજી પોલીસને ઉંઘતી રાખી ખેર ગામ નજીકથી વિદેશી દારૂ





ભરી પસાર થતી સ્વીફ્ટ કારમાંથી બે શખ્શોને ૧.૨૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડતા અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર સહીત શામળાજી પોલીસમાં ભૂચાલ મચી હતી સ્ટેટ વિજિલન્સ ત્રાટકયા થોડાક જ કલાકોમાં શામળાજી પોલીસે વેણપુર ગામ નજીક ટ્રકમાં કોલડ્રીંકસના બોકસ પાછળ સંતાડીને લાવતો ૭.૨૯ લાખના વિદેશી દારૂ સાથે ડ્રાઈવરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પોલીસ સ્ટેશનના મહિલા પી.એસ.આઈ એસ.એચ.પરમારે ચાર્જ સાંભળતાની સાથે પરપ્રાંતીય રાજ્યમાંથી ઘુસાડાતો વિદેશી દારૂના બે ત્રણ ક્વોલિટી કેસ કર્યા પછી બુટલેગરો માટે સિલ્ક રૂટ ગણાતી રતનપુર ચેકપોસ્ટ પરથી બુટલેગરોએ વિદેશી દારૂ ઘુસાડવાનું બંધ કરી દીધું હોય કે પછી અગમ્ય કારણોસર વિદેશી દારૂ ઝડપવાની ઘટનાઓમાં ઘટાડો થયો હતો સ્ટેટ વિજિલન્સના દરોડા પછી શામળાજી પોલીસ સતર્ક બની વેણપુર ગામ નજીક ટ્રકમાંથી ૭.૨૯ લાખનો વિદેશી દારૂ ઝડપવામાં સફળતા મળી હતી.

શામળાજી પીએસઆઈ એસ.એચ.પરમાર અને તેમની ટીમે વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા કોલ્ડ્રીંકના બોકસ ભરી પસાર થતા ટ્રક (ગાડી.નં- ૐ-૬૨-છ-૦૭૪૮ ) ને અટકાવી તલાસી લેતા કોલ્ડ્રીંક્સની આડમાં સંતાડી રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૨૪ કી.રૂ.૭૨૯૬૦૦/-નો જથ્થો જપ્ત કરી અજય શ્રી મનોહરચન્દ્ર ઠાકુર (રહે. મલહાઈ, હિમાચલ પ્રદેશ) ની ધરપકડ કરી ટ્રક, કોલ્ડ્રીંક્સના બોક્સ નંગ-૪૨૦ અને મોબાઈલ નંગ-૨ કુલ રૂ.૧૭૯૪૧૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર બુટલેગર મનીષ (રહે,ચંદીગઢ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ગુજરાતી અને અંગ્રેજીનું પેપર પૂર્ણ

હિંમતનગર, તા. ૧૮

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં બુધવારે ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃત વિષયની પરીક્ષા હતી જેમાં ત્રણેય વિષયો મળી ૧૧૧૩૧ વિદ્યાર્થીઓ પૈકી ૧૦૮૮૫ વિદ્યાર્થીઓ હાજર તથા ૨૪૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જો કે બુધવારે એકપણ કોપીકેસ નોંધાયો ન હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી જણાવ્યું હતું. ધો.૧૨ સામાન્ય પ્રવાહના તમામ પેપર તા.૨૧ માર્ચના રોજ પૂર્ણ થશે. બુધવારે લેવાયેલી પરીક્ષા દરમિયાન તમામ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પેપર લખ્યા હતા.

## ધાનેરામાં વિવિધ સંસ્થાઓ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

કોરોના વાઈરસને લઈ સમગ્ર દુનિયામાં ભયનો માહોલ જોવા મળ્યો છે ત્યારે લોકો આ વાયરસથી ન સપડાય તેના માટે પણ તકેદારી રાખી રહ્યા છે તો બીજી તરફ વિવિધ સેવા સંગઠનો અને સંસ્થાઓ દ્વારા લોકો આ રોગથી બચી શકે તે માટે વિવિધ ઉપાયો કરવામાં આવે છે ત્યારે આજે ધાનેરામાં પણ વિવિધ સંસ્થાઓ અને સેવા સંગઠનો દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં ધાનેરામાં નવથી દસ જગ્યા પર આયુર્વેદિક ઉકાળો લોકોને આપવામાં આવ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ આ ઉકાળાનો લાભ લીધો હતો

## ધાનેરામાં સેવાકીય સંસ્થાઓ દ્વારા ઉકાળા વિતરણ કેમ્પનું આયોજન

સમગ્ર વિશ્વમાં હાલ કોરોના વાયરસ થી મહામારી ચાલી રહી છે ત્યારે હજી સુધી ભારતમાં ચાર કેસ પોઝિટિવ થતા દેશમાં તંત્ર કરેલ છે.

ત્યારે ધાનેરામાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઉકાળો બનાવી કેમ્પનું આયોજન કરાયું હતું અને દરેક ને ઉકાળો પીવા નું સુચન કરવામાં આવ્યું હતું ત્યારે મોટી સંખ્યામાં લોકોએ તથા બાળકો એ ઉકાળો પીધો હતો અને લોકોમાં જાગૃતિ ફેલાવી હતી લોકોને નાક અને મોં પર રૂમાલ બાંધીને ફરવાની સલાહ આપી હતી તેમજ ખાંસી તેમજ કોરોના વાયરસ તકેદારીની રાખવા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

આમ ધાનેરા શહેરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા કોરોના વાયરસ ન થાય તે માટે ઉકાળો બનાવીને લોકોને જાગૃત કર્યા હતા.

# પાલનપુર એસબીઆઈ બેંકના કર્મચારીઓની લાલીયાવાડી...

### ચાલુ ફરજે કેસીયર પોતાની બેઠક છોડતા ગ્રાહકો કલાકો સુધી લાઈનોમાં ઉભા રહેવું પડયું..

પાલનપુર ગુરૂ નાનક ચોક નજીક આવેલ એસબીઆઈના કેસીયર ફરજ દરમીયાન પોતાની જગ્યા પરથી ઉભા થતા ગ્રાહકોને કલાકો સુધી ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

બનાસકાંઠાના પાલનપુર સહેરમાં એસબીઆઈની મુખ્ય સાખા આવેલી છે.પરંતુ છેલ્લા કેટકાક સમયથી એસબીઆઈની કામગીરી બગડતી જતી હોય તેવુ ચર્ચાઇ રહ્યુ છે.જેમાં આજરોજ મોસીન સિંધી નામના ગ્રાહક ગુરૂનાનક ચોક નજીક આવેલી એસબીઆઇ બેન્કમાં નાણાંના કામ અર્થે ગયા હતા.પરંતુ એસબીઆઈની શાખાના કેસીયર ૧૧-૩૦ વાગ્યાના સુમારે પોતાની બેઠક ઉપર હાજર ન રહેતા લાઈનમાં ઉભેલા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.જેથી આ પ્રકારે ફરજ દરમીયાન ગુલ્લી મારતા કર્મચારીઓ સામે પગલા ભરવામાં આવે તો અન્ય કર્મચારીઓમાં એક દાખલો બેશી શકે છે. આ બાબતે એસ બી આઈ મેનેજર સતિષભાઈ જણાવ્યું કે કેશિયર બેન હતા જે પ્રેગ્નટ હોવાથી અને માર્ચનું કામ હોવાથી ડ્રાફ્ટ નું વધારે હોવાથી બીજું કાઉન્ટર ચાલુ કર્યું હતું.

### એસબીઆઈના એટીએમોમાં નાણા ન હોવાથી ગ્રાહકો પરેશાન

પાલનપુર શહેરમાં આવેલ એસબીઆઈના કેટલાક એટીએમમાં નાણા ન હોવાના કારણે ગ્રાહકોને એટીએમ મશીનના ધરમ ધક્કા ખાવાનો વારો આવતો હોય છે.જેમાં દિલ્હી ગેટ વિસ્તારમાં એટીએમ મશીનમાંથી પૈસા ન નિકળતા લોકો એટીએમના ધક્કા ખાઈ પરત જતા નજરે પડ્યા હતા.

## ડીસાના જાબડીયામાં રીક્ષા ધીમે ચલાવવા મુદ્દે તકરાર

ડીસા, તા. ૧૮

ડીસા તાલુકાના જાબડીયા ગામે રહેતા એક ઈસમને રીક્ષા ધીમી ચલાવવા મામલે સામાન્ય બોલાચાલી બાદ સર્જાયેલ વિવાદમાં જાતિ અપમાનિત શબ્દો બોલી મારી નાખવાની ધમકી આપવા મામલે ડીસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. ડીસા તાલુકાના જાબડીયા ગામે રહેતા સુરેશભાઈ ઈશ્વરભાઈ સતાવરિયા બે દિવસ અગાઉ પોતાના ભાઈને ત્યાં ઉભા હતા તે દરમિયાન ત્યાંથી સાગરભાઈ રાવલ પુરઝડપે રીક્ષા લઈ નીકળતા સુરેશભાઈએ તેને 'તમે રીક્ષા ધીમે ચલાવો' તેમ કહેતા સાગરભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને જાતિ અપમાનિત શબ્દો બોલી હાથમાં રહેલુ ધારીયું મારવા જતા હાથના ભાગે વાગેલ તે દરમિયાન તેનો ભાઈ સંજયભાઈ રાવલ પણ આવી સુરેશભાઈને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે સુરેશભાઈ ઈશ્વરભાઈ દલિતે ડીસા તાલુકા પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે સાગરભાઈ સોમાભાઈ રાવલ અને સંજયભાઈ સોમાભાઈ રાવલ (બન્ને રહે .જાબડીયા ) વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ધાનેરા પોલીસે દાઉદ મુસ્લા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા આવેદનપત્ર

લાખણી તાલુકાના ઘાણા ગામે રહેતા દાઉદભાઈ કરીમ ભાઈ મુસલા જે વિવિધ મકાન સહાય અંતર્ગત લોકો પાસેથી ડોક્યુમેન્ટ ઉઘરાવી મોટું કૌભાંડ આચરી હોવાનો અહેવાલ મીડિયા દ્વારા બહાર પાડતાં દાઉદ મુસ્લા એ મીડિયાકર્મી ને જાતિ અપમાનીત શબ્દો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેને લઈ આજે ધાનેરાના તમામ પત્રકારો દ્વારા ધાનેરા પોલીસ મથકમાં જાણ કરતાં ધાનેરા પોલીસે દાઉદ મુસ્લા સામે એટ્રોસિટી એક્ટ મુજબ તેમજ જાનથી મારી નાખવાની ધમકી ની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં તૈયાર કરવામાં આવેલ આઈસોલેશન વોર્ડની કલેકટર સંદીપ સાગલેએ મુલાકાત લીધી

પાલનપુર, તા. ૧૮

નોવેલ કોરોના વાયરસ કે જેને ઉૐ દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલમાં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરીસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે



સમયાંતરે મળેલ સૂચનાઓ ધ્યાને લઈ તકેદારીના પગલારૂપે રાજ્યમાં કોરોના વાઈરસથી સંક્રમિત દર્દીઓ માટે સમગ્ર ગુજરાતમાં આઈસોલેશન વૉર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. જે સંદર્ભે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે સીવીલ હોસ્પીટલમાં આરોગ્ય તંત્ર દ્વારા ૨૬ બેડનો આઈસોલેશન વૉર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જેનું કલેકટરશ્રી સંદીપ સાગલે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાએ નિરીક્ષણ કર્યુ હતું. પાલનપુર સીવીલ હોસ્પીટલના ટ્રોમા સેન્ટર અને આઈસોલેશન વૉર્ડની મુલાકાત લઈ ઉપસ્થિત આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપ?યું હતું. આરોગ્ય વિભાગના ડૉકટરો અને સ્ટાફને તાલીમ આપી સજ્જ રાખવા કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પાલનપુર ઉપરાંત પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ૧૦ બેડનો ઓઈસોલેશન વૉર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. ડીસા અને થરાદ ખાતે પણ આઈસોલેશન વૉર્ડ તૈયાર કરવામાં આવી રહ્યા છે તેમ ડૉ.એન.કે.ગર્ગે જણાવ્યું છે. તેમણે કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાઈરસના લક્ષણવાળો કોઈ દર્દી જોવા મળે તો તેને પ્રાથમિક સારવાર આપી શકાય તેવી તમામ પ્રકારની વ્યવસ્થા આઈસોલેશન વૉર્ડમાં રાખવામાં આવી છે. કોરાના વાયરસના દર્દીઓના સગાવ્હાલાને સારવાર આપવા ડીસા અને છાપી ખાતે ક્વારાઈટીંગ વોર્ડ બનાવાયા છે. આ મુલાકાત દરમ્યાન સીવીલ સર્જન સહિત, પાલનપુર સીવીલ હોસ્પીટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# પ્રધાન મંત્રી આવાસ યોજનાના છેલ્લા હપ્તાના ચેક માટે લાભાર્થીઓને પાલિકાના ધરમધક્કા

### છ માસથી ચેક જમા ન થતા કેટલાક લાભાર્થીઓના મકાનનું કામ અટક્યુ : ગ્રાન્ટ ન હોવાના કારણે ચેક ન આવ્યા હોવાનો કન્સલ્ટ એજન્સિનો દાવો

પાલનપુર

પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં રહેતા લોકોના મકાનના રીનોવેસન માટે સરકાર દ્વારા ૩ લાખ ઉપરાંતની સહાય આપવામાં આવી રહી છે.જેમાં લાભાર્થીઓને છેલ્લો હપ્તો ૬ માસથી ન આવતા લાભાર્થીઓ પાલિકાના ધરમધક્કા ખાઈ રહ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ પરીવારના લોકોના મકાનનું રીનોવેશન માટે નગરપાલિકા મારફત ૩ લાખ ઉપરાતની સહાય ચુકવવામાં આવી રહી છે.જેમાં પ્રથમ યાદીમાં નામ ધરાવતા કેટલાક વ્યક્તિઓને છેલ્લા છ માસથી છેલ્લો હપ્તાનો ચેક ન આવતા લાભાર્થીઓ દ્વારા પાલિકાના ધરમધક્કા ખાઈ રહ્યા છે.આ અંગે કન્સલ્ટ એજન્સિના સંચાલકએ જણાવ્યુ હતુ કે કુલ ત્રણ યાદીમાં જરૂરીયા વ્યક્તિઓના નામનો સમાવેસ કરવામાં આવ્યો હતો.જેમાં પ્રથમ યાદીમાં ૨૫૯ બીજી યાદીમાં ૬૦૨ અને ત્રીજો ૫૦૦ની યાદી છે.જેમાં ગ્રાન્ટના અભાવે કેટલાક લોકોને છેલ્લો હપ્તો નથી આવ્યો તેના માટે તમામ પ્રોશેસ કરી ઉચ્ચ કક્ષાએ જાણ કરવામાં આવી છે.છેલ્લા હપ્તાનો ચેક આવતાની સાથે લાભાર્થીઓને ચેક આપવામાં આવશે.

**લાભાર્થીઓને છેલ્લા હપ્તાનું કામ અટવાયુ**

પ્રધાન મંત્રી આવાસ યોજનામાં સરકાર દ્વારા લાભાર્થીને છ હપ્તામાં મકાનના કામ પ્રમાણેના ચેક આપવામાં આપવામાં આવ્યા હતા.પરંતુ યોજનાનો છેલ્લા હપ્તાનો ચેક ન આવતા લાભાર્થીનું છેલ્લા હપ્તાનું કામ અટવાયુ હોવાનું લાભાર્થીઓ જણાવી રહ્યા છે.